પત્રક ભાગ-૩

પંદરમી ગુજરાત વિધાનસભા

# સોમવાર, તા.૧૭ ઓગસ્ટ, ૨૦૨૬

## ૪૧૯.અરજી સમિતિની બેઠક:

અરજી સમિતિની બેઠક બુધવાર, તા.૨૨/૦૭/૨૦૨૬ના રોજ મળી હતી.

ઉક્ત બેઠકમાં સમિતિએ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ અન્વયે ઘડવાના નિયમો પૈકી ઘડવાના બાકી ગુજરાત ગ્રામ અને નગર પંચાયતોના કર તથા ફી બાબતના નિયમો,૧૯૬૪ની છેવટની સ્થિતિ અંગે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તપાસ હાથ ધરી ગ્રામ પંચાયતોમાં તેમજ શહેરી વિસ્તારોમાં મિલકત આકારણી હાલ કેટલા સમયે થાય છે અને કઈ પધ્ધતિથી થાય છે તે અંગે પૃચ્છા કરતાં વિભાગ દ્વારા જણાવેલ કે, ગ્રામીણ વિસ્તારોમાં દર વર્ષે ૨૫ ટકા રોટેશનમાં અને મહાનગરપાલિકાઓમાં દર ૪ વર્ષે આકારણી થાય છે. તેમજ શહેરી વિસ્તારોમાં એરિયા બેઈઝ અને ગ્રામીણ વિસ્તારોમાં વેલ્યુબેઈઝ આકારણી થાય છે.વધુમાં, વિભાગે જણાવેલ કે, ૧૬માં નાણાપંચમાં દરેક ગ્રામ પંચાયત કક્ષાએ ઓનસોર્સ રેવન્યુ વધારીને ઘરદીઠ રૂ.૧૨૦૦ કરવા પર પ્રાધાન્ય મુકવામાં આવ્યુ છે. જે અંગે સમિતિએ અમદાવાદથી અડીને આવેલું કોઈ ગામ અને ટ્રાયબલ એરીયાની અંદર ગામ હોય તો એના માપદંડ એકસરખા ન હોઈ શકે માટે કોઈ પણ ચોક્કસ ફોર્મ્યુલા મુજબ કેટલો વધારો થશે તેના ઉપરથી નિર્ણય લેવા અનુરોધ કરેલ.

ઉક્ત નિયમ ઘડવા બાબતે વિભાગ દ્વારા નિયમો બનાવવાની પ્રક્રિયા ચાલુ છે અને હાલ વિભાગ કક્ષાએ ચાર-પાંચ ફોર્મ્યુલામાં ચોક્કસ બે-ત્રણ ગામો લઈને તેના પર વર્કઆઉટ કરી રહ્યા હોવાનું તેમજ શહેરથી નજીક આવેલા તેમજ ટ્રાઈબલ એરીયાના એમ કેટલાક ગામોનો ડેટા તૈયાર કરી સ્ટડી કરી રહ્યા હોવાનું જણાવેલ. ઉક્ત વિગતો ધ્યાને લઈ સમિતિએ તપાસ અધૂરી રાખી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા**